જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સર્વ શિક્ષા અભિયાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭
ફોન : ૦૭૯-૨૩૨૩૨૪૧૩, ફેક્સ : ૦૭૯-૨૩૨૩૮૪૦૪
Email : aspdssaguj@gmail.com
Toll Free No. : 1800-233-7965

ક્રમાંકઃ SSA/MIS/2021/ ૨૫૬૫૨-૯૯૭ તા. ૪/૦૮/૨૦૨૧

પ્રતિ,

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી
અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેક્ટ કચેરી,
જિ. તમામ

(૨) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી
અને
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
કોર્પોરેશનઃ સુરત, **અમદાવાદ, રાજકોટ, વડોદરા**

**વિષયઃ સરકારી પ્રાથમિક શાળાઓ અને કેજીબીવીમાં ટીવી, કેયુ બેન્ડ ડિશ-સેટટોપ બોક્ષ, લેપટોપ, પેન ડ્રાઇવ, ઇલેક્ટ્રિફિકેશન સહિતની સુવિધા સાથે પ્રાથમિક કક્ષાના જ્ઞાનકુંજ પ્રોજેક્ટના અમલીકરણ બાબત**

**સંદર્ભઃ (૧) અત્રેની કચેરીના વર્કઓર્ડર ક્રમાંકઃ SSA/MIS/2021/3784-3785 તા.૨૨/૦૧/૨૦૨૧**

**(૨) અત્રેની કચેરીની તા.૦૩.૦૮.૨૦૨૧ની નોંધ પર માન. એસપીડીશ્રીની મંજૂરી**

રાજયની માત્ર ધો.૧ થી ૫ ધરાવતી પ્રાથમિક સ્તરની શાળાઓ અને કેજીબીવીમાં વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને વંદે ગુજરાત શૈક્ષણિક ચેનલો અને BISAGના માધ્યમથી પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમોનો લાભ લઇ શકે તેમજ ઉપલબ્ધ ઇ–કન્ટેન્ટની મદદથી અભ્યાસ કાર્ય કરી શકે તે માટે આ સાથે સામેલ યાદી મુજબની શાળાઓમાં એલઇડી ટીવી, કેયુ બેન્ડ ડિશ–સેટટોપ બોક્ષ, લેપટોપ, પેન ડ્રાઇવ, ઇલેક્ટ્રિફિકેશન સહિતની સુવિધા સાથે પ્રાથમિક કક્ષાના જ્ઞાનકુંજ પ્રોજેક્ટના અમલીકરણનું આયોજન કરવામાં આવેલ છે.

ઉપર્યુક્ત પ્રોજેકટ અંતર્ગત પસંદ થયેલ શાળાના એક વર્ગખંડમાં અમલીકરણ માટે જરૂરી નીચેની સાધન–સામગ્રીના સપ્લાય, ઈન્સ્ટોલેશન અને મેઈન્ટેનન્સ માટે એજન્સી M/s Armee Infotech Pvt. Ltd.નિયત થયેલ છેઃ

| ક્રમ | વિગત | Make & Model |
|---|---|---|
| 1 | 55" or higher LED TV | Samsung HGSSAT690UKXXL |
| 2 | KU Band Dish Antenna with DTH System | MCBS |
| 3 | Laptop | Acer A315-42 |
| 4 | 32GB USB Pen Drive | Adata |
| 5 | Electrification per Point ( including Switches, Plugs, Sockets, Cables, Wires) | - |

ઉકત અમલીકરણ માટે નિયત થયેલ સંલગ્ન એજન્સી એલઈડી ટીવી, કેયુ બેન્ડ ડિશ–સેટટોપ બોક્ષ, લેપટોપ, પેન ડ્રાઈવના સપ્લાય–ઈન્સ્ટોલેશન અને જરૂરી ઈલેક્ટ્રિફિકેશન કરવા તેમજ ત્રણ વર્ષ સુધી ઓનસાઈટ વોરંટી સપોર્ટ પુરો પાડી સતત કાર્યરત સ્થિતિમાં રાખવા માટે જવાબદાર છે.

સદર અમલીકરણ માટે શાળા કક્ષાએ પ્રાથમિક કક્ષાના જ્ઞાનકુંજ પ્રોજેક્ટ શરૂ કરવા માટે નીચેની માર્ગદર્શક સૂચનાઓનો અમલ કરવાનો રહેશેઃ

1. ઉક્ત સાધન–સામગ્રીની ડીલીવરી અને ઈન્સ્ટોલેશન માટે એલઈડી ટીવીનું વજન સહી શકે તેવી મજબૂત દિવાલ ધરાવતા વર્ગખંડની પસંદગી કરવી તેમજ ઈન્ટરનેટ કનેક્ટિવિટીની વ્યવસ્થા શાળા કક્ષાએથી કરવા જરૂરી સૂચના આપવી.
2. જિલ્લા / તાલુકા કક્ષાના સંબંધિત ટેક્નિકલ સ્ટાફે પ્રાથમિક કક્ષાના જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંગે આપેલ સાધનોના સંકલિત ઉપયોગની વિશેષ સમજ આપવા સ્થનિક / શાળા કક્ષાએ જરૂરી સહયોગ આપવાનો રહેશે. (MIS શાખા)
3. સંબંધિત દરેક શાળાના વર્ગો માટે માઈક્રોસોફ્ટ ટીમ્સ ના આઈ.ડી. બનાવવામાં આવેલા છે. હાલની નિયંત્રિત પરિસ્થિતિઓમાં વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્ય માટે શાળા કક્ષાએથી લેપટોપ અને માઈક્રોસોફ્ટ ટીમ્સના આપેલા આઈ.ડી.નો ઉપયોગ કરી જીવંત વર્ચ્યુઅલ ક્લાસથી શિક્ષણ કાર્ય કરી શકશે.
4. પ્રાથમિક કક્ષાના જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત પુરી પાડવામાં આવેલ સાધનોનો અસરકારક અને મહત્તમ ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આપશ્રીને આ સાથે સામેલ વિગતો અનુસાર કાર્યવાહી કરવા, શાળા કક્ષાએ જાણ કરવા તથા આ પ્રોજેક્ટને જ્વલંત સફળતા મળે તે જરૂરી કાર્યવાહી કરવા સુચિત કરવામાં આવે છે.

( જયશ્રી દેવાંગન)